**Capital World (Gujarati) Pg 11 – 31st Aug 2022**

# મહત્વના આંકડાની રાહે ક્રિપ્ટોકરન્સીમાં સ્થિર ટ્રેડિંગ

**» ભારતીય ૩.૦ વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૦.૧૮ ટકાનો વધારો**

**કેપિટલ સંવાદદાતા તા.૩૦**

ક્રિપ્ટોકરન્સી બજારમાં છેલ્લા ઘણા દિવસોથી ઘટાડો થઈ રહ્યો છે જેનું મુખ્ય કારણ વૈશ્વિક નકારાત્મક પરિબળો છે. જોકે, આવતા મહિનાની શરૂઆતથી અમૂક મહત્વના આંકડા જાહેર થશે તેની રાહે ક્રિપ્ટોકર્સી ટ્રેડર સાવચેતીપૂર્વક ટ્રેડિંગ કરી રહ્યા હતા.



આવતા મહિનાની શરૂઆતથી ઓગસ્ટના જીડીપીથી લઈને ફુગાવાના આંકડા જાહેર થશે. પરિણામે દરેક બજારોની દિશા નક્કી થશે. પરિણામે મંગળવારે ક્રિપ્ટોકરન્સી ટ્રેડર્સ વેચવાલી કે લેવાલી ઉપર નિયંત્રણ રાખ્યુ હતું. વોલેટિલિટીમાં પણ આંશિક ઘટાડો જોવા મળ્યો હતો.

જયારે૩.૦ વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫મંગળવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં૦.૧૮ ટકા (૭૧ પોઈન્ટ્સ)વધીને૨૯,૫૬૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૦,૦૯૮.૯૮ | ૧,૬૦૨,૫૪૩.૪૫ | -૦.૮૦ | -૬.૯૩ |
| ઈથેરિયમ (ETH) | ૧,૫૫૦.૪૫ | ૧૨૩,૮૩૬.૧૭ | ૨.૪૬ | -૫.૨૦ |
| બિનાસ કોઇન (BNB) | ૨૮૬ | ૨૨,૮૨૪.૨૧ | ૧.૨૨ | -૪.૫૧ |
| XRP | 0.33 | ૨૬.૧૭ | ૦.૦૨ | -૪.૫૨ |
| ડોજીકોઇન | ૦.૦૬૨૮ | ૫.૦૧ | ૧.૬૦ | -૯.૧૦ |
| લાઇટ કોઇન (LTC) | ૫૪.૨૬ | ૪,૩૨૦.૫૮ | -3.૪3 | -૪.૬૦ |